ગાંધીનગર સમાચાર

તા. ૮-૬-૨૦૧૪, રવિવાર

## તંત્રી સ્થાનેથી....

### મોંઘવારી નિયંત્રિત કરવા માટે માસ્ટર પ્લાન જરૂરી

મનમોહનસિંહના નેતૃત્વવાળી યુપીએ સરકાર સામે પ્રજાને સૌથી મોટો વાંધો મોંઘવારીના મુદ્દે હતો. ભ્રષ્ટાચાર વિશે ગમેતેટલી બૂમરાણ મચાવવામાં આવે તો પણ પ્રજાના ખીસા પર સીધી અસર ન થતી હોય તો એ મુદ્દે લોકજુવાળ ઊભો કરવાનું હવે શક્ત નથી રહ્યું. ઈન્દિરા ગાંધીએ ભ્રષ્ટાચારને 'યુનિવર્સલ ફિલોમેના' વિશ્વવ્યાપી ઘટના ગણાવેલ, તેનો વિપક્ષો પાસે પણ જવાબ નહોતો. ભ્રષ્ટાચાર એ વહીવટીતંત્રના લોહીમાં ભળી ગયેલો રોગ છે. એ રોગને જડમૂળથી નાબૂદ કરવાની દવા કદાચ નરેન્દ્ર મોદી પાસે પણ ન જ હોય. જેમ ડાયાબિટીસ અને બ્લડપ્રેશર જેવા રોગોને કાબૂમાં તો રાખી શકાય છે પરંતુ મૂળમાંથી મટાડી શકાતા નથી તેમ ભ્રષ્ટાચારને અમુક હદ સુધી નિયંત્રિત કરી શકાય પરંતુ તંત્રને પૂર્ણપણે ચોખ્ખું અને નિરામય રાખવું વર્તમાન બજારવાદી - મૂડીવાદી અર્થવ્યવસ્થામાં અશક્યવત જ છે. પ્રજા આ બાબત બહુ સારી રીતે સમજે છે. ભ્રષ્ટાચારનો એને ડગલેને પગલે જાત અનુભવ થતો રહે છે અને તે મૂંગે મોંએ એને સહી લે છે. બલકે પ્રજા પોતે જ કયારેક તો ભ્રષ્ટાચારને પ્રોત્સાહન આપવાનું વલણ દાખવતી હોય છે. લાંચ લેનાર જેટલું જ લાંચ આપનાર પણ જવાબદાર હોય છે. આજે તો એવી સ્થિતિ પ્રવર્તે છે કે અધિકારી લાંચ માગે તે પહેલાં એને લાંચની ઓફર કરી દેવાય છે. અંગત લાભ ખાતર લોકો નૈતિક મૂલ્યોને નેવે મૂકતા થયા છે, અને આ પરિસ્થિતિ વધતાંઓછા પ્રમાણમાં દુનિયાના તમામ દેશોમાં પ્રવર્તે છે. આમ ભ્રષ્ટાચાર એ નાગરિકની માંદી માનસિકતાની ફળશ્રુતિ છે, જે પોતાના વાજબી અધિકારો કરતાં વધારે અને વહેલાં લાભો લેવા કોઈ પણ હદે નીચે ઊતરવા તૈયાર રહે છે. કોલસા કૌભાંડ અને ટુ-જી ગોટાળા જેવા બેફામ ભ્રષ્ટાચારને કારણે જ મોંઘવારી વધી હોવાથી ભાજપના વરિષ્ઠ નેતાઓની પ્રચાર ઝુંબેશ પણ લોકોને ઝાઝી અસર ન કરી શકી હોત, પરંતુ યુપીએ સરકાર છેલ્લે સુધી મોંઘવારી નાથવામાં સદંતર નિષ્ફળ રહી અને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનાં ભાવ રોજેરોજ વધતા જ રહ્યા. કેન્દ્રીય નેતાગીરી જાણતી હતી કે સામાન્ય માનવી માટે આ મોંઘવારીનો પ્રશ્ન એ સૌથી વધારે આકરી સમસ્યા છે. છતાં વૈશ્વિક મંદીમાં ભારત એનો વિકાસદર અમુક સ્તરે ટકાવી શક્યું છે અને ફુગાવાને પણ કાબૂમાં રાખી શક્યું છે - એવી મનમનામણાંની વાતો કરીને અર્થશાસ્ત્રી વડાપ્રધાન છટકતા રહ્યા. શરદ પવારે તો ત્યાં સુધી કહ્યું કે મોંઘવારી વધવાથી ખેડૂતને ફાયદો થયો છે! આ બધી બાબતો પ્રજાને ક્રૂર મજાક જેવી લાગી અને ચૂંટણીમાં બૂમરેંગ થઈ. નરેન્દ્રભાઈ મોદી જેવા પ્રખર વક્તા અને તદન સામાન્ય સ્થિતિમાંથી ઉપર ઊઠી ગુજરાતના મુખ્યમંત્રી બનેલા નેતાએ મધ્યમ વર્ગ અને નીચલા વર્ગની નાડ પારખી લઈ આ મુદ્દાનો ચૂંટણી ઝુંબેશમાં ભરપૂર ઉપયોગ કર્યો, જેનું પરિણામ પ્રજાએ તત્કાલીન સરકાર સામે કચકચાવીને કરેલ મતદાન સ્વરૂપે મળ્યું. ભાજપને સૌથી મોટો લાભ કોંગ્રેસીઓએ મોંઘવારી જેવા પ્રજાને સીધી અસર કરતી સમસ્યા હલ ન કરી, એ મુદ્દે થયો છે ત્યારે હવે જો વર્તમાન સરકાર પણ મોંઘવારી ડામવામાં નિષ્ફળ જાય તો પ્રજાએ એનામાં અને ખાસ તો એના કર્ણ ધાર એવા લોકનાયક નરેન્દ્રભાઈ મોદીમાં મૂકેલો વિશ્વાસ ડગી જાય. આ વાત મોદી બરાબર સમજે છે. અને તેથી જ રિલાયંસ કે અદાણી જેવાં ઉદ્યોગગૃહો હવે ગેસ અને પેટ્રોલિયમ પેદાશોના ભાવવધારા માટેનું આયોજન કરી રહ્યાં છે ત્યારે સરકાર વર્ષે એક જ વાર આવો ભાવવધારો મંજૂર કરવાની કૂટનીતિ વિશે વિચાર કરી રહી છે. સબ્સિડી સદંતર નાબૂદ કરી નાણાંકીય ખાદ્યમાંથી છુટકારો મેળવવા માગતા ભૂતપૂર્વ નાણાંમંત્રી પી. ચિદંબરમ્ અને પ્રજા પર સતત મોંઘવારીનો બોજ ઝીક્યા છતાં જેમના પેટનું પાણી પણ નહોતું હાલતું એવા પૂર્વ વડાપ્રધાનના અર્થશાસ્ત્રીય અભિગમને અનુસરવું વર્તમાન સરકારને હરગિજ પોસાય એમ નથી. ચોમાસું સારું નહીં જવાની આગાહી વચ્ચે મોંઘવારીના રાક્ષસને બેકાબૂ બનતો અટકાવવા મોદી સરકારને બહુ સાવચેતી રાખવી પડશે, તેનો વડાપ્રધાનને પૂરતો અહેસાસ છે.



તાજેતરમાં ટોપ એજ્યુકેશન દ્વારા ગાંધીનગરના સેક્ટર-૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે સર્જન ટોપ એલ્યુમિન-૨૦૧૪ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નેશનલ લેવલની એન્જિનીયરીંગ કોલેજ અને મેડીકલ કોલેજ તેમજ ગાંધીનગર ટોપ ઓલમ્પિક પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન અને વર્ષ ૨૦૧૩ના ટોપ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનવામાં આવ્યા હતા.

# માણસ ખુદ પોતાના આ નશાથી અજાણ હોય છે પણ એમાંથી જીવવાની મજા જરૂર શોધી લે છે

## નશા જરૂરી હૈ...!

**- દિપલ નાણાંવટી**

તમને થશે કે આ ગાંધીના ગુજરાતમાં આમ ખુલ્લે આમ નશાની વાતો કેટલે અંશે યોગ્ય છે? સબૂર! નશાના પણ અનેક પ્રકારો છે અને જીવનરસને જાળવી રાખતો, ટકાવી રાખતો નશો જેમાં પ્રકાર બદલાય છે, માત્રા બદલાય છે પણ આ નશો કયારેય ઉતરતો નથી, એમ પણ કહી શકાય કે જીવનને 'લાઈવ' રાખવા માટે માનવી આ નશાને ઉતરવા દેતો નથી.

સફળ, લોકપ્રિય, સત્તારૂઢ કે અતિ સુંદર લોકોનો નશો તો સરળતાથી દેખાઈ આવે છે અને તે સમજી પણ શકાય છે. જો કે આવો નશો ધરાવતા લોકો પણ કેટલા? દસ ટકા, વીસ ટકા કે કદાચ પચ્ચીસ ટકા. પણ બાકીના પંચોતેર ટકા લોકો જેઓ ખૂબ જ સામાન્ય જીવન જીવી રહ્યા છે, સતત સંઘર્ષ કરી રહ્યા છે. જીવનના દરેક ચડાવ ઉતારમાં પોતાને જાતને 'બેલેન્સ' કરવા માટે સતત લડી રહ્યા છે. લડયા જ કરે છે અને કયારેક થાકે છે છતાં વળી પાછા બેઠા પણ થઈ જાય છે. તો એવું કયું તત્વ છે, એવી કઈ બાબત છે કે એવી કઈ અનુભૂતિ છે જે એમને આમ સતત જીવતા રાખે છે?

ઈશ્વરે દરેક મનુષ્યને કંઈક અલગ વિશેષતા આપી છે અને જાણે-અજાણે માનવી પોતાની આ ખૂબીને શોધી કાઢે છે, તેને વિકસાવે છે અને મનોમન તેનો ગર્વ પણ અનુભવે છે, પોતાની જાતને એ વિશેષતા માટે સન્માને પણ છે અને તેના સહારે જીવનની સફરને આગળ ધપાવે છે. આ જ તો એ 'નશો' છે જેના વગર માનવી જીવતી લાશ સમાન છે.

કોઈને પોતાના 'સંબંધોનો' નશો હોય છે તો કોઈને પોતાની 'સમજણ'નો, કોઈને પોતાના સારા 'સ્વભાવ'નો નશો હોય છે તો કોઈને પોતાની 'સારી રીતે વાતચીત કરી રાખવાની કળાનો', કોઈકને પોતાની 'બહોળી ઓળખાણો' ધરાવતા હોવાનો નશો છે તો કોઈનેક દરેક કામમાં પોતાની 'એકયુરસી કે પરફેકશન'નો કોઈકને પોતાની 'નિખાલસતા'નો નશો છે તો કોઈકને પોતાની 'સહનશીલતા'નો, 'સેવાકાર્યો' કરનારને પણ પોતાના 'સેવાભાવ'નો નશો હોય છે તો 'અરે મેં તો જીવનમાં ઘણો સંઘર્ષ કર્યો છે અથવા કરી રહ્યો છું' એનો પણ એક આગવો નશો છે. મોટે ભાગે માણસ ખુદ પોતે પોતાના આ નશા બાબતે અજાણ હોય છે, પણ એમાંથી જીવવાની મજા જરૂર શોધી લે છે અને જયારે આ બધા નશાથી તે 'ઉબાઈ' જાય ત્યારે તેનું 'મન' વળે છે આધ્યાત્મિકતા તરફ સૌથી ઉંચા પ્રકારનો 'નશો' હા એનો પણ નશો તો ખરો જ ખરો...

કોઈને કોઈ મુદ્દે પોતાની જાતને સન્માનવી, એને પ્રેમ કરવો એ માણસનો સ્વભાવ છે. કોઈને કોઈ મુદ્દે એ 'સ્વ' માટે એક 'ફાંકો', એક 'નશો' ધરાવે જ છે, જે એને 'જીવંત' રાખે છે તે પણ છેક અંત સુધી... હા છેક અંત સુધી. માટે જ માય ડિયર ફ્રેન્ડઝ 'નશા જરૂરી હૈ'...

## ગુજરાત ઠાકોર મંડળ તેજસ્વી તારલાઓને સન્માનિત કરશે

ગુજરાત ઠાકોર (ક્ષત્રિય) મંડળ દ્વારા ધો-૧૦ અને ધો-૧૨ માર્ચ ૨૦૧૪માં પરીક્ષામાં ૬૫ ટકાથી વધુ માર્કસ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓનો સન્માન કાર્યક્રમ જુલાઈ માસમાં યોજાનાર છે. સ્નાતક, અનુસ્નાતકની ઉપાધિ મેળવનાર વિદ્યાર્થીનું પણ સન્માન કરાશે. માર્કશીટની ટ્રુ કોપી શ્રી જયંતિભાઈ ઠાકોર, ગુજરાત ઠાકોર મંડળ ૨૦૩/૧૯, ભુદરપુરા ગામ એલિસબ્રિજ-અમદાવાદ ખાતે મોકલવી.

## હરિની દૃષ્ટિ...




આંખમાંથી પાણી નીકળે છે...? ખોટી ફરીયાદ ન કર, અત્યારે ગરમીમાં લોકોનાં શરીરમાં પાણી ઓછું થઇ જાય છે અને તને...

(તસવીર : કશ્યપ નિમાવત)



વેકેશનનો સમય બાળકોએ વિવિધ કેમ્પ-ઈન્ટરનેટમાં પસાર કર્યો... હવે પુનઃ શાળાએ જવા તૈયાર થઈ ગયા. પણ આ બાળકોનું બાળપણ કયાં વિત્યું, કેવું ભવિષ્ય હશે...? સમાજમાં ઠેકેદારોને ખ્યાલ છે...?

# નગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટનું બાળનાટક બાળ નરેન્દ્ર પાઠ્ય પુસ્તકમાં સમાવાયું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરના સર્જક અને ગુજરાત સાહિત્ય અકાદમીમાં કાર્યરત જાણીતા સર્જક-કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ દ્વારા લખાયેલું બાળ નાટક બાળ નરેન્દ્ર પ્રાથમિક શાળાના અભ્યાસક્રમ (ધો. ૪-ગુજરાતી)માં સમાવાયું હોવાથી સમગ્ર ગુજરાતના બાળકો અભ્યાસ દ્વારા તેમના આ પ્રેરણાદાયી નાટકમાંથી પ્રેરણા મેળવશે. ડૉ. ભટ્ટ એક સારા નાટ્ય લેખક પણ છે તેમના લખેલા અને દિગ્દર્શિત કરેલા નાટકો યુનિવર્સિટી, પ્રાદેશિક તથા રાજ્ય કક્ષાએ અનેક વખત વિજેતા બની ચૂક્યા છે. તાજેતરમાં જ સંગીત નાટ્ય અકાદમી દ્વારા પુરસ્કૃત તેમનું લખેલું અને દિગ્દર્શિત કરેલું નાટક હજી આંખોમાં ઊગે છે સંપનાં ભજવાયું હતું અને ખુબ જ પ્રસંશા પામ્યું હતું. ડૉ. ભટ્ટે જ્ઞાનપીઠ વિજેતા અસમિયા લેખિકા ડૉ. ઈન્દિરા ગોસ્વામીની બહુ ચર્ચિત નવલકથા છિન્નમસ્તા તથા જાણીતા સર્જક દોલત ભટ્ટની કૈકેયી નવલકથાના નાટ્ય રૂપાંતરો અનુક્રમે



મા છિન્નમસ્તા અને રાજમાતા કૈકેયી પણ કર્યા છે. જેમાંથી મા છિન્નમસ્તા ના મુંબઈ સહિત ચાર નાટ્ય પ્રયોગો પણ થયા છે અને બલિ પ્રથા પર આધારિત આ નાટક એક અદભૂત નાટક તરીકે પ્રસંશા પામ્યું હતું. જે સંદર્ભે પૂર્વોત્તર રાજ્યોની પ્રસિદ્ધ ટી.વી. ચેનલ એન.ઈ.ટી.વી.માં ડૉ. ભટ્ટનું ૪૫ મિનિટનું લાંબુ ઈન્ટરવ્યું પણ પ્રસારિત થયેલું. પરંતુ બહુ ઓછા લોકો જાણતા હશે કે ડૉ. ભટ્ટ દ્વારા સારા બાળ નાટકો પણ લખાયાં છે અને ભજવાયા પણ છે. જેમાંથી સોનાની ઢીંગલી અને નવું ગુલાબ નવું વિશ્વ બન્ને બાળ નાટકો રાજ્ય કક્ષાએ વિજેતા થયા છે જે બન્ને નાટકો સર્જકના વતન ધ્રાંગધ્રાની શ્રેયાંસ માધ્યમિક સ્કૂલ દ્વારા ભજવાયા હતા. તેમનું એક એબ્સર્ડ નાટક સમયનો સાતમો પગ કપાઈ ગયો છે ગુજરાતની પ્રસિદ્ધ નાટ્યસ્પર્ધા આઈ.એન.ટી.ના શ્રેષ્ઠ ત્રણ વિજેતા નાટકોની સાથે અમદાવાદ ખાતે વર્ષો પહેલા ટિકીટ શૉમાં ભજવાયું હતું. જે નાટક ખુબ જ ચર્ચાસ્પદ બન્યું હતું. પાઠ્ય પુસ્તકમાં પસંદ થયેલું તેમનું બાળ નરેન્દ્ર નાટક સ્વામી વિવેકાનંદના જીવન પર આધારિત છે. ડૉ. ભટ્ટને ખુબ ખુબ અભિનંદન.

# ક્લિક પર ડાકુ, ઈ-મેલમાં લુટારાઓ અને ફોન કોલમાં છેતરબાઝો...!!!



**રજળપાટ**

**અજય ઉપાધ્યાય**

akurjt@gmail.com

તમે દેશની ટોચની કંપનીમાં ચા પગારે નોકરી માટે સિલેક્ટ થયા છો સોફ્ટવેર ફર્મમાં નોકરી કરતી અમદાવાદની ૨૩ વર્ષની એ યુવતીના મોબાઈલ પર એક મેસેજ જબક્યો. એણે બહુ ધ્યાન નાં આપ્યું પણ ઘરે પહોચતા જ એની માતાએ કહ્યું કે એના બીજા મોબાઈલ નમ્બર પર બે વાર કોઈનો બેંગલોરથી નોકરીની ઓફર માટે ફોન આવેલો. એણે કુતુહલવશ સામો ફોન કર્યો. ફોન ઉપાડનારે એને અમદાવાદની એક ટોચની કંપનીમાં ઈન્ટરવ્યું માટે તમે સિલેક્ટ થયા છો એમ જણાવી બીજાને લાઈન પાસ કરી. પોતાની ઓળખાણ ભારતની બેસ્ટ રીક્રુટમેન્ટ ફર્મના ટોપ ઓફિસર તરીકે આપીને પેલાએ નવી જોબ માટે અભિનંદન આપવાની સાથે સાથે વાતો વાતોમાં ઈન્ટરવ્યુંના ફોર્મમાં ભરવા જરૂર છે એમ કહીને યુવતીની બેંક ડીટેલ, પાન નંબર, માતા-પિતાનું નામ વગેરે વિગતો પૂછીને કોલ લેટર મળશે એમ કહી ફોન મૂકી દીધો. લગભગ ૩૦ જ મીનીટમાં એ યુવતીના મોબાઈલ પર બેંકનો મેસેજ આવ્યો કે તમારા ખાતામાંથી ૫૩૦૦૦ રૂપિયાનું ઓનલાઈન પરચેઝનું બીલ પે થયું છે. એ ચમકી, બેંકમાં ફોન કર્યા પણ ત્યાં સુધીમાં ઓનલાઈન ગઠિયાઓએ એમનું કામ પતાવી દીધેલું અંતે પોલીસ ફરિયાદરૂપી આશ્વાશન લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ એની પાસે બચ્યો નહિ.

દુનિયા દિવસે દિવસે ટેકનીકલી અને વિજાણું ઝડપે આગળ વધતી જાય છે. ઘોડા લઈને બહારવટીયે નીકળતા ડાકુઓનું સ્થાન ઈન્ટરનેટના જમાનામાં આવા ઓનલાઈન ડાકુઓએ લઈ લીધું છે. રોજ રોજ અખબારો અને ટીવીમાં નીતનવીન પ્રકારના ઓનલાઈન ફ્રોડના કિસ્સાઓ વાચવા મળે છે. એટલી શાતીર અને પધ્ધતિસરની સીસ્ટમ આ છેતરબાઝો ગોઠવે છે કે ક્યાંક ને ક્યાંક કોઈ ને કોઈ માછલી તો એમની જાળમાં ફસાઈ જ જાય. બેઝીકલી ઓનલાઈન ફ્રોડને અટકાવવું થોડે ઘણે અંશે મુશ્કેલ છે, હા ઘણા કિસ્સાઓમાં ગુનેગારો પકડાય છે એ હકીકત છે પણ આ એક એવી બનાવટી દુનિયા છે કે જયાં હર રોજ નવી નવી જાળો ફેકાતી રહે છે અને નવી નવી માછલીઓ પકડાતી રહે છે. દુનિયા ઝૂકતી હૈ ઝુકાનેવાલા ચાહિયે એ ઉક્તિ અહી બરાબર ફીટ બેસે છે. શરત એ છે કે માછલી કેટલી નબળી છે અથવા તો જાળ કેટલી મજબુત છે.

જે લોકોને બેંક એકાઉન્ટ હશે એ લોકોને ખબર હશે કે એમના ઈમેલમાં વારંવાર જે તે બેંક તરફથી મેસેજ આવતા હશે કે અમે અમારા ગ્રાહકોને ક્યારેય ઈમેલ કરીને કોઈ માહિતી મંગાવતા નથી અથવા તો હોમ પેજની લીક મોકલીને પાસવર્ડ બદલવાની વિનંતી નથી કરતા. આપણામાંથી મોટાભાગના આ ઈમેલને સમજી શકે છે પણ અમુક એવા પણ છે કે જે આવો જ કોઈ પાસવર્ડ બદલવાનો બેંકના નામે મળેલા ઈમેલ પર તરત અમલ કરીને આપેલી લીક ખોલીને કામ પૂરું કરે છે. છેતરપીડી અહી છે કેમકે એ જે પેજ ખોલે છે એ અદલ અસલ બેંકના હોમપેજ જેવું જ હોય છે પહેલી નજરે ખબર પણ નાં પડે કે આ ફેક પેજ છે જેવું તમે ત્યાં માહિતી ભરો કે બદલો એ સાથે જ ફેક પેજ બનાવનાર ફ્રોડર પાસે તમારી બેંક એકાઉન્ટ ડીટેલ પહોચી જાય છે અને તમે બીજી વાર બેંક સ્ટેટમેન્ટ જુવો ત્યાં સુધીમાં તમારા એકાઉન્ટમાંથી યથાયોગ્ય રકમ હળવા પગલે દુર દુરના દેશમાં કોઈ ડમી એકાઉન્ટમાં ટ્રાન્સફર થઈ જાય છે.

બેંકના નામે થતા ફ્રોડનું આ તો એક સર્વસામાન્ય ઉદાહરણ આપ્યું. આજે જમાનો પ્લાસ્ટિકમનીનો છે. હવે લોકો વોલેટમાં રૂપિયા ઓછા અને ક્રેડીટ કે ડેબીટ કાર્ડ વધુ રાખતા થયા છે કારણ કે પૈસા સાચવવા કે ઉપાડવાની પળોજણમાં પડવાનો સમય નથી કોઈ પાસે પણ એ જ પ્લાસ્ટિક મનીના ફ્રોડ સૌથી વધુ થાય છે. આજકાલ દરેક જગ્યાએ ક્રેડીટ કે ડેબીટ કાર્ડ સ્વીકાર્ય છે. હોટેલમાં ચેક ઈન થાવ ને ક્રેડીટ કાર્ડ સ્વૈપ કરીને જેવા રૂમમાં આવો કે એક ફોન આવે કે તમારા ક્રેડીટ કાર્ડમાં કોઈ પ્રોબ્લેમ છે પ્લીઝ ડીટેલ ફરી આપો. મોટાભાગના કિસ્સામાં આ ડીટેલ કા તો સ્ટોર કરીને પછીથી છેતરપીડીમાં ઉપયોગમાં લેવાય છે અથવા તો ફ્રોડની ખબર પડતા જેવી તમે હોટેલ ને ફરિયાદ કરો તો એ હાથ ચા કરી ને કહી દેશે કે અમે કોલ નથી કર્યો અને ઘણા કિસ્સામાં એમને ફોન નથી જ કર્યો હોતો પણ તમારી ડીટેલ પરથી આ ભેજાબાજો આવા કોલ કરી નાખે છે. રેસ્ટોરન્ટના બીલ ફોલ્ડરમાં મોટા ઉપાડે કાર્ડ મુકતા પહેલા જોઈ લેજો કે કે ક્યાંક કાઉન્ટર પર કાર્ડ ડુપ્લીકેટીંગ મશીન તો નથી ને? બધી જ રેસ્ટોરન્ટમાં નહિ પણ ઘણા કિસ્સાઓમાં કાર્ડનું ક્લોનીંગ થતું હોવાનું જોવા મળેલ છે.

ઓનલાઈન શોપિંગનો મહિમા વધતો જાય છે. લોકોને ઘરે બેઠા દુનિયાભરની શ્રેષ્ઠ ચીજો માઉસના એક ક્લિક પર મળતી થઈ છે અને વધુ ને વધુ લોકો ઓનલાઈન શોપિંગ કરતા થયા છે તો આવી ગીરદીનો છેતરબાઝો ફાયદો નાં ઉઠાવે તો જ નવાઈ? ઘણી વાર તમે સર્ફિંગ કરતા હોવ ત્યારે પેનલમાં કે બોટમ પર અથવા તો સ્ક્રીન વચ્ચે લબુક ઝબુક થતી કોઈ શોપિંગ સાઈટની જાહેરાત આવતી રહે છે. વારંવાર માથે મરાતી આ સ્લાઈડમાં કોઈ વસ્તુની લોભામણી જાહેરાત તમને આકર્ષતી રહે છે ને ઘણા એને ક્લિક કરી પણ બેસે છે. ૧૦૦માંથી ૩૦ કિસ્સામાં આમાંથી મોટાભાગની ક્લિક તમને એક ક્લોન પેજ પર લઈ જાય છે. અદલ અસલ શોપિંગ સાઈટ જેવા જ પેજ પર જો ભૂલે ચુકે તમે લલચાઈને શોપિંગ પ્રક્રિયા પૂરી કરો તો બની શકે કે તમારી કાર્ડ ડીટેલને આધારે ટૂંક સમયમાં જ તમારા નામે કોઈએ ખરીદેલી વસ્તુઓનું બીલ ચૂકવવાનું આવી શકે છે.

મોટાભાગના ઓનલાઈન ફ્રોડમાં ઈમેલનો ઉપયોગ વધુ થાય છે. વારંવાર તમારા ઈમેલમાં હોએક્ષ મેલ આવતા જ રહે છે. તમને લાખો પાઉન્ડની લોટરી લાગી છે કે પછી કોકા કોલા કે પેપ્સી જેવી કંપનીમાં જોબ માટે તમે સિલેક્ટ થયા છો એવી માહિતી સાથેના ઈમેલમાં તમારી બેંક ડીટેલ પુછાતી રહે છે. સમજદાર કે ઈન્ટરનેટ જગતથી પરિચિત લોકો તો આનાથી દુર રહે જ છે પણ ભારત ના અંતરિયાળ કે ગામડામાં વસતા લોકો કે ગરીબ એશિયન દેશોના ઈમેલ યુંઝ્રસો કઈ એટલા બુદ્ધિવાન નથી હોતા કે એમને આવી છેતરપીડી વિષે ચોક્કસ માહિતી નથી હોતી. બસ આ જ તો છે આ લોકોના ઈઝી ટાર્ગેટ. આપણે ઘણી વાર એકદમ સુશિક્ષિત લોકો પણ આના ભોગ બન્યા હોય એવા સમાચારો વાચતા રહીએ છીએ ત્યારે આપણને નવાઈ લાગે કે આ કેમ ભોળવાઈ ગયા હશે પણ અસલમાં આ ભેજાબાજો એટલી બધી સોલીડ રીતે અને તમે માની જ લો એ ભાષામાં કે વિગતો સાથેના મેલ મોકલે કે ભલભલા એમાં ફસાઈ શકે છે. એક વાર તમે આપેલા ફોન નમ્બર પર કે ઈમેલ પર સમ્પર્ક કર્યો એટલે આ શાતીર દિમાગોની આટીઘુટીમાં ફસાવાના ચાન્સીસ વધતા જાય છે. ઘેર બેઠા જોબ મેળવો એવી ઓફરો સાથેના ઈમેલમાં તમારે કોઈ સાઈટ પર મેમ્બર બની ને ૫૦૦ કે ૧૦૦૦ રૂપિયા મેમ્બર ફી ભરવાની હોય છે. થોડા દિવસો અષ્ટમ પષ્ટમ જોબ ઓફરો પણ આવે પણ પછી બધું છું , ઈવન જયાં તમે મેમ્બર થાય હો એ પેજ પણ મેઈન્ટેનન્સના બહાના નીચે બંધ આવે ત્યારે તમને છેતરાયાની ખબર પડે અને એમ વિચારી ને પડતું મુકો કે ૫૦૦-૧૦૦૦માં આપણું કાઈ તૂટી નથી ગયું પણ વિચારો કે આવા કેટલા લોકોના ૫૦૦-૧૦૦૦ ભેગા કરો તો આકડો ક્યાં પહોચે?

વિશ્વમાં મોબાઈલ યુઝર્સની સંખ્યા દિવસે ને દિવસે વધતી જાય છે. ભારત જેવા એશિયન દેશોમાં એક થી વધુ નમ્બર રાખવા ફેશન થતી જાય છે. એ જ રીતે વિશ્વમાં સ્માર્ટ ફોનની સંખ્યા વધતી જાય છે. દર ત્રીજા હાથમાં એક સ્માર્ટ ફોન રમતો જોવા મળે છે. મોટાભાગના સ્માર્ટ ફોન યુઝર્સ બેન્કિંગથી લઈને ઘણી બધી આર્થિક કે સોશિયલ બાબતો ફોન થ્રુ જ કરતા થઈ ગયા છે ત્યારે લેખની શરૂઆતમાં લખ્યા એવા બનાવો વધુ બની રહ્યા છે. લોટરી લાગી, નોકરી મળી કે કોઈ ગીફ્ટ મળી છે એવા મેસેજોથી લોકોને છેતરવાનું આમ બનતું જાય છે. આ ઉપરાંત ઘોસ્ટ મિસ કોલ નામનું એક નવું તુત પણ ચાલુ જ છે. વિદેશના કોઈ નમ્બર પરથી અથવા કોઈ પ્રાઈવેટ નમ્બર પરથી તમને વારંવાર મિસ કોલ કરવામાં આવે છે ને જેવો તમે કોલ બેક કરો તો તમારા ફોન બેલેન્સ માં ઘટાડો અથવા તો પૂરું ને પૂરું મોબાઈલ બેલેન્સ ટ્રાન્સફર થવાના બનાવો વધતા જાય છે. મોટાભાગે આ ઘોસ્ટ મિસ કોલ નાઈજીરિયા જેવા કે યુરોપના નાના દેશોમાંથી થતા હોય છે. VOIP ની મદદથી કોલ કરનારનો નમ્બર ટ્રેસ કરવો મુશ્કેલ એટલા માટે બને છે કે એ તમારાથી લાખો કિલોમીટર દુર કોઈ અજાણ્યા ટાપુ કે દેશ માં કોમ્પ્યુટર પર બેઠો બેઠો આ લીલા કરતો હોય છે .

ફેસબુક, ટ્વીટર જેવી લોકપ્રિય સોશિયલ સાઈટોના તમારા ઈનબોક્ષમાં કોઈ ખુબસુરત યુવતી મેસેજ મુકે છે કે મને તમારામાં રસ છે આપણે સારા મિત્રો બની શકીશું એવું મને લાગે છે, હું ફલાણા દેશની અમુક લાખો ડોલરની આસામી છું ને એવું બધું વાચીને ઘણાના ડોળા ચાકળ વાકળ થાય છે ને જેવા પેલી એ મેસેજમાં આપેલા ઈમેલ પર જવાબ મોકલો કે છેતરબાઝોની બીજી ટીમ હરકતમાં આવી જાય છે અને પછી એ જ યેન કેન પ્રકારે તમારા બેંક એકાઉન્ટ કે કાર્ડ્સની વિગતો મેળવવી જ એમનું આખરી કામ હોય છે. હસીનાથી શરુ થયેલી આ સફર તમારા પૈસાને પગ આવવા સાથે જ પૂરી થાય છે. હવે તો જીમેલ, યાહુ કે ફેસબુકમાં વિડીઓ કે ફોન કોલની પણ સગવડ છે. કોઈ હસીનાનો અચાનક તમારા પર ફોન આવે છે અને એ તમને તમારા નામ થી જ બોલાવીને ધીરે ધીરે મીઠી મીઠી વાતોમાં ફસાવતી જાય છે ત્યાં સુધી કે જયાં સુધી તમે એની કોઈ લોભામણી ઓફર કે સાથના બદલામાં તમારી બેંક કે આર્થિક માહિતીઓ આપી દયો ત્યાં સુધી . એક વાર માહિતિ મળી ગઈ કે પત્યું પછી બીજી વાર કોલ આવવો હરામ. જો ફેસબુકથી ફોન થયો હોય તો પ્રોફાઈલ પણ ડીલીટેડ જોવા મળશે.

મોટાભાગે તમે બેંકમાં ખાતું ખોલાવ્યું હોય, ક્રેડીટ કાર્ડ એપ્લાય કર્યું હોય, કોઈ ઈવેન્ટમાં ઈમેલ કે મોબાઈલ નમ્બર નાખ્યો હોય એવી બધી જગ્યાએથી તમારા ને તમારા જેવા બીજા લોકોના ડેટાનું વેચાણ કરવાનો ધીકતો ધંધો વિશ્વભર માં ચાલી રહ્યો છે. આવા જ ડેટાને આધારે કોઈ કોલ સેન્ટરમાંથી તમને બીજા ક્રેડીટ કાર્ડ માટે કે કોઈ ટુર પેકેજ માટે કે પછી કોઈ ઈનામ જીત્યાના સમાચારો આવી પડે છે. પહેલી નજરે તો તમે ય વિશ્વાસ નાં જ કરો પણ મફતનું મેળવવાની લાલચમાં જો એની ચલ્બાઝીમાં આવી જાવ તો ગયા કામથી. હવે તો લેન્ડલાઈન પર પણ આવા ફોનોની સંખ્યા વધતી જાય છે. બેંકમાંથી મળેલા ડેટાને આધારે કોલ કરનાર બેંકના નામે જ વાત કરે એટલે વિશ્વાસ બેસી જ જાય. લેન્ડલાઈન પર મોટે ભાગે બપોરે જ આવા કોલ્સ આવે છે કેમકે એ વખતે ઘરમાં મહિલા સભ્ય જ હોય છે અને એમની પાસેથી માહિતી કઢાવવાની શક્યતા વધુ રહે છે. મોબાઈલ પર પણ મોટાભાગે આવી છેતરપીડી એસએમએસ થી વધુ થાય છે જો મેસેજ મોકલનારને પ્રત્યુતર મળતો રહે તો એ ધીરે ધીરે મેસેજથી કોલ તરફ પ્રયાણ કરે છે અને મોબાઈલ યુઝર્સમાંથી મોટાભાગના એટલા ચાલક કે ચતુર નથી હોતા જેથી આસાનીથી વાતોમાં આવીને ક્યાં તો બેંક ડીટેલ અથવા તો છેતરબાઝોએ સુચવેલા બેંક એકાઉન્ટમાં રૂપિયા જમા કરાવવા સુધી ગફલતો કરી બેસે છે.

કરવું શું તો? છેતરપીડી કરનારાઓ દિવસે દિવસે નવી નવી યુક્તિઓ અજમાવતા રહે છે. એનાથી બચવા થોડું ધ્યાનમાં રાખવું જરૂરી છે. ક્યારેય પર તમારા ઈમેલમાં કોઈ બેંક તરફથી લોગીન કે પાસવર્ડ બદલવાનું કહેવામાં આવે કે જરૂરી માહિતી મંગાવવામાં આવે તો જે તે બેંક નો સમ્પર્ક કરવો નહિ કે તરત જ ઈમેલના જવાબમાં માહિતી મોકલવી કે આપેલી લીક ઓપન કરીને લોગીન થવું. બેંકો કયારેય ઈમેલથી એમના ગ્રાહકો પાસે આવી માહિતી મંગાવતી નથી જ એ ધ્યાન રાખવું. ક્રેડીટ કાર્ડના ક્લોનથી બચવા રેસ્ટોરન્ટમાં બીલ કાઉન્ટર પર જાતે જઈને ચૂકવવાનો આગ્રહ રાખવો. બધી જગ્યાએ ફ્રોડ નથી હોતું પણ કાર્ડ

● અનુસંધાન પાના - ૭ પર